| GJBK060011802022 | દાખલ તારીખઃ | ૧૮–૧૦–૨૦૨૨ | | |
|---|---|---|---|---|
| | રજીસ્ટર્ડ કર્યા તારીખઃ | ૧૮–૧૦–૨૦૨૨ | | |
| | ફેંસલ થયા તારીખઃ | ૦૮–૧૧–૨૦૨૪ | | |
| | સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૦૦ | ૨૧ |

---

**દિયોદરના મે.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં**
મુ.દિયોદર

---

**<u>ક્રિમીનલ કેસ નં.૧૦૦૬/૨૦૨૨</u>**
આંક–૧૯

**<u>ફરીયાદીઃ</u>–** **શ્રી સરકાર**

વિરૂદ્ધ

**<u>આરોપીઃ</u>–** **મહેન્દ્રસિંહ જગતસિંહ ઉર્ફે જગેસિંહ વાઘેલા**
ઉ.વ.આ.૨૮,ધંધો–ખેતી,
રહે.મકડાલા,તા.દિયોદર,જી.બનાસકાંઠા

**ગુનોઃ–** પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૬૫(એફ) મુજબ

---

ફરીયાદપક્ષ તરફે – વિ.એ.પી.પી.શ્રી એસ.આર.બ્રાહ્મણ
બચાવપક્ષ તરફે – વિ.વકીલશ્રી સી.બી.ઠાકોર

---

**–: <u>ચુકાદો</u> :–**

(૧) ફરીયાદ પક્ષે આરોપી સામે એવો આરોપ છે કે, આરોપીએ તા.૨૬–૦૭–૨૦૨૨ નારોજ કલાક ૧૩.૩૦ વાગ્યાના સુમારે મોજે મકડાલા ગામની સીમમાં પોતાના કબજા ભોગવટાના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘરમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર–૦૩ કિંમત રૂ.૬૦/– નો તથા ઘરની પાછળના ભાગે વાડામાં જમીનમાં દાટેલ પ્લાસ્ટીકના કેરબા નંગ–૦૩ માં દેશી દારૂ ગાળવાનો વોશ લીટર–૨૫૦ કિંમત રૂ.૧૦૦૦/–નો રાખી પોલીસ રેડ દરમ્યાન ઘરે હાજર

ન મળી આવી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૬૫(એફ) મુજબનો ગુનો કરેલ છે અને જે મતલબ નું તપાસના અંતે તપાસ કરનાર અમલદારે આરોપી સામે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમંસ કરતાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિ. પ્રો.કો.કલમ–૨૦૭ અન્વયે આરોપીને પોલીસ પેપર્સની નકલો સોંપવામાં આવેલી અને આરોપી ઉપર આક્ષેપિત ગુના સબબ તહોમતનામું આંક–૦૫ થી ફરમાવતાં આંક–૦૬ જુબાનીમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષે આરોપી સામે કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચ રાજાભાઈ ઉકાભાઈ ભીલ | ૦૭ |
| (૨) | પંચ થાનાભાઈ રૂપાભાઈ રાજપુત | ૦૯ |
| (૩) | ફરીયાદી ધર્મેન્દ્રસિંહ નાનુભા | ૧૦ |
| (૪) | સાહેદ વદુજી જેહળજી અહેકો. | ૧૪ |
| (૫) | ત.ક.અમલદાર ભરતભાઈ મગનભાઈ | ૧૬ |

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચનામું | ૦૮ |
| (૨) | ફરીયાદ | ૧૧ |
| (૩) | સુચિપત્રક | ૧૭ |
| (૪) | રવાનગી પત્રક | ૧૮ |

ફરીયાદ પક્ષે પુરાવો પુર્ણ થયાનું જાહેર થતાં ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને આરોપીએ વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે,

તેમની સામે ખોટો કેસ કરેલ છે અને તેઓ નિર્દોષ છે.

(૪) સદર કેસના ન્યાયિક નિર્ણય અર્થે અત્રેની કોર્ટ દ્વારા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે.

**<u>મુદ્દા</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૬-૦૭-૨૦૨૨ નારોજ કલાક ૧૩.૩૦ વાગ્યાના સુમારે મોજે મકડાલા ગામની સીમમાં પોતાના કબજા ભોગવટાના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘરમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર-૦૩ કિંમત રૂ.૬૦/- નો તથા ઘરની પાછળના ભાગે વાડામાં જમીનમાં દાટેલ પ્લાસ્ટીકના કેરબા નંગ-૦૩ માં દેશી દારૂ ગાળવાનો વોશ લીટર-૨૫૦ કિંમત રૂ.૧૦૦૦/-નો રાખી પ્રોહી એકટની કલમ-૬૫(એ)(એ), ૬૫(એફ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

-: **<u>કા ર ણો</u>** :-

**<u>મુદ્દા નં.</u>**

(૭) મુદ્દા નં.૧ નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરૂદ્ધના આક્ષેપિત ગુનાના આક્ષેપના સ્વરૂપને ધ્યાને લેતાં તથા આરોપી સામેના આક્ષેપિત ગુનાની જોગવાઈઓના હાર્દને જોતાં હાલના આક્ષેપ મુજબનો બનાવ બનવા પામેલ હોય તેવી બાબત પુરતા અને નિઃશંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે રહેલ છે. સદરહું કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી વિરૂદ્ધનો ગુનો જયાં સુધી નિઃશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર

પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઈ માર્ગદર્શન આપવામાં આવેલ નથી, પરંતુ દરેક કેસના અને હકીકતોના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેલ છે અને પાયાના સુસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લઈને આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં આંક–૦૭ થી પંચ રાજાભાઈ ઉકાભાઈ ભીલ તથા આંક–૦૯ થી પંચ થાનાભાઈ રૂપાભાઈ રાજપુતને તપાસેલ છે. તેઓ સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, પોલીસે એક લખેલા તૈયાર પંચનામામાં તેમનો અંગુઠો કરાવેલો તે સિવાય બીજું કંઈ જાણતા નથી. તેમની હાજરીમાં કોઈ પંચનામુ કરવામાં આવ્યું હોય તેવું બનેલ નથી. સદર પંચો તેમની જુબાનીથી પંચનામાની હકીકતનો લેશમાત્ર સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરેલ ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા નથી અને આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં તેઓ સરતપાસ હકીકતને વળગી રહેલા છે. જેથી સદર પંચોની જુબાનીથી ફરીયાદ પક્ષે સમર્થનકારી પુરાવો આવતો નથી.

(૯) ફરીયાદ પક્ષે આંક–૧૦ થી ફરીયાદી ધર્મેન્દ્રસિંહ નાનુભા ને તપાસેલ છે. તેઓ સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, તા.૨૬–૦૭–૨૦૨૨ નારોજ તેઓ, અહેકો.વદુજી તથા પોલીસ સ્ટાફના માણસો દિયોદર પોલીસ સ્ટેશન વિસ્તારના ગામડાઓમાં પેટ્રોલીગ દરમ્યાન મકડાલા ગામે આવતાં ખાનગી રાહે બાતમી હકીકત મળેલ તે આધારે પંચોના માણસો બોલાવી પંચો સાથે મહેન્દ્રસિંહ જગતસિંહ ઉર્ફે જગેસિંહ વાઘેલાના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘરે જતાં ઘરે કોઈ હાજર ન હોઈ, ઘરની જડતી કરતાં ઘરના રૂમમાંથી પ્લાસ્ટીકનુ કેન મળી આવતાં તે ખોલી જોતાં ૩ લીટર જેટલો દેશી દારૂ હોઈ કેનમાંથી ૧૮૦ એમએલ.જેટલો દારૂ શીશીમાં લઈ તે ઉપર પાકુ સીલ કરીતથા ઘરની પાછળના ભાગે આવેલ વાડામાં તપાસ કરતાં જમીનમાંથી પ્લાસ્ટીકના કેરબા નંગ–૩ મળી આવતાં તે ખોલી જોતાં કેરબામાં ૧૦૦ લીટર લેખે તથા એક કેરબામાં ૫૦ લીટર લેખે એમ

કુલ ૨૫૦ લીટર જેટલો દેશી દારૂ ગાળવાનો વોશ હોઈ દરેક કેરબામાંથી થોડો થોડો એમ કુલ ૧૮૦ એમએલ. જેટલો વોશ શીશીમાં ભરી લઈ તે ઉપર લાકુ સીલ કરી પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લઈ બાકીનો વોશ તથા દારૂ સ્થળ ઉપર નાશ કરી તે અંગેનું વિગતવારનુ પંચનામુ અહેકો.નાએ પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલું અને બનાવ બાબતે તેઓએ આરોપી વિરૂદ્ધ પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ),૬૫(એફ) મુજબ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલી, જે ફરીયાદ આંક–૧૧ થી રજુ થયેલ છે. આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ સ્થળે કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી અને તેમની હાજરીમાં બનાવવાળી જગ્યાની માલીકીના કોઈ આધાર પુરાવા કબજે કરવામાં આવેલ નથી. બાકીના સવાલનો તેઓએ ઈન્કાર કરેલ છે. આમ, ફરીયાદીની જુબાની ધ્યાને લેતાં ફરીયાદી જેઓ પોલીસ સાહેદ છે અને ફરીયાદીએ ફરીયાદ આપ્યાની હકીકતને સમર્થન આપે છે, પરંતુ ફરીયાદીની જુબાનીને રજુ પંચો કે સ્વતંત્ર સાહેદની જુબાની રજુ થઈ સમર્થન આવેલ નથી. જેથી ફરીયાદીની જુબાનીથી ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો માની શકાય તેમ નથી.

(૧૦) ફરીયાદ પક્ષે આંક–૧૪ થી સાહેદ વદુજી જેહળજી ને તપાસેલ છે. તેઓ સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, તા.૨૬–૦૭–૨૦૨૨ નારોજ તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો દિયોદર પોલીસ સ્ટેશન વિસ્તારના ગામડાઓમાં પેટ્રોલીગ દરમ્યાન મકડાલા ગામે આવતાં ખાનગી રાહે બાતમી હકીકત મળેલ તે આધારે પંચોના માણસો બોલાવી પંચો સાથે મહેન્દ્રસિંહ જગતસિંહ ઉર્ફે જગેસિંહ વાઘેલાના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘરે જતાં ઘરે કોઈ હાજર ન હોઈ, ઘરની જડતી કરતાં ઘરના રૂમમાંથી પ્લાસ્ટીકનુ કેન મળી આવતાં તે ખોલી જોતાં ૩ લીટર જેટલો દેશી દારૂ હોઈ કેનમાંથી ૧૮૦ એમએલ.જેટલો દારૂ શીશીમાં લઈ તે ઉપર પાકુ સીલ કરીતથા ઘરની પાછળના ભાગે આવેલ વાડામાં તપાસ કરતાં જમીનમાંથી પ્લાસ્ટીકના કેરબા નંગ–૩ મળી આવતાં તે ખોલી જોતાં કેરબામાં ૧૦૦ લીટર લેખે તથા એક કેરબામાં ૫૦ લીટર લેખે એમ કુલ ૨૫૦ લીટર જેટલો દેશી દારૂ ગાળવાનો વોશ હોઈ દરેક કેરબામાંથી થોડો થોડો એમ કુલ ૧૮૦ એમએલ. જેટલો વોશ શીશીમાં ભરી લઈ તે ઉપર લાકુ સીલ કરી પંચનામાની

વિગતે તપાસ અર્થે કબજે લઈ બાકીનો વોશ તથા દારૂ સ્થળ ઉપર નાશ કરી તે અંગેનું વિગતવારનુ પંચનામુ તેઓએ પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલું અને બનાવ બાબતે અપોકો.એ આરોપી વિરૂદ્ધ પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ),૬૫(એફ) મુજબ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલી. આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ સ્થળે કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી અને તેમની હાજરીમાં બનાવવાળી જગ્યાની માલીકીના કોઈ આધાર પુરાવા કબજે કરવામાં આવેલ નથી. બાકીના સવાલનો તેઓએ ઈન્કાર કરેલ છે. આમ, સાહેદની જુબાની ધ્યાને લેતાં સાહેદ જેઓ પોલીસ સાહેદ છે અને સાહેદનાએ પંચનામું કરેલાની હકીકતને સમર્થન આપે છે, પરંતુ સાહેદની જુબાનીને રજુ પંચો કે સ્વતંત્ર સાહેદની જુબાની રજુ થઈ સમર્થન આવેલ નથી. જેથી સાહેદ અહેકો.ની જુબાનીથી ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો માની શકાય તેમ નથી.

(૧૧) ફરીયાદ પક્ષે આંક–૧૬ થી ત.ક.અમલદાર ભરતભાઈ મગનભાઈ ને તપાસેલ છે. તેઓ સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, તા.૨૬–૦૭–૨૦૨૨ નારોજ પી.એસ.ઓ.શ્રીએ દિયોદર પો.સ્ટે. પાર્ટ સી. ગુ.ર.નં.૦૬૦૫/૨૦૨૨ થી પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ),૬૫(એફ) મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ તેમના તરફ ડેપ્યુટ કરતાં તેઓએ તપાસ સંભાળી લઈ, મુદ્ધામાલ સેમ્પલ વૈજ્ઞાનીક પરીક્ષણ અર્થે રવાનગી પત્રક સાથે એફ.એસ.એલ.તરફ મોકલી આપી, તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા, આરોપીને આ ગુનાના કામે અટક કરેલા, તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતાં આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલું. તેઓએ આંક–૧૭ થી સુચિપત્રક તથા આંક–૧૮ થી રવાનગી પત્રક રજુ કરેલ છે. જયારે આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ રેડમાં હાજર હતા નહી અને મુદ્ધામાલ પરીક્ષણનો અહેવાલ આવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે તેમની તપાસ દરમ્યાન રેડવાળી જગ્યાની માલીકીના કોઈ આધાર પુરાવા કબજે કરવામાં આવેલ નહી. બાકીના સવાલનો તેઓએ ઈન્કાર કરેલ છે. આમ, ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતાં ત.ક. અમલદાર જેઓ પોલીસ સાહેદ છે અને ત.ક.અમલદારે તપાસ કર્યાની હકીકતને સમર્થન આપેલ છે, પરંતુ ત.ક.અમલદારની જુબાનીને રજુ પંચો કે કોઈ સ્વતંત્ર

સાહેદની જુબાની રજુ થઈ સમર્થન આવેલ નથી. જેથી ત.ક.અમલદારની જુબાનીથી ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો માની શકાય તેમ નથી.

(૧૨) આમ, ઉપરોકત રજુ થયેલ તમામ પુરાવાની હકીકત જોતાં ફરીયાદી ધર્મેન્દ્રસિંહ નાનુભા, સાહેદ વદુજી જેહળજી અહેકો. તથા ત.ક.અમલદાર ભરતભાઈ મગનભાઈ નાઓ કે જેઓ પોલીસ સાહેદ છે અને ફરીયાદી તથા સાહેદ વદુજી નાઓ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ તા.૨૬-૦૭-૨૦૨૨ નારોજ ફરીયાદી, સાહેદ વદુજી તથા પોલીસ સ્ટાફના માણસો દિયોદર પોલીસ સ્ટેશન વિસ્તારના ગામડાઓમાં પેટ્રોલીગ દરમ્યાન મકડાલા ગામે આવતાં ખાનગી રાહે બાતમી હકીકત મળેલ તે આધારે અહેકો.વદુજીએ પંચોના માણસો બોલાવી પંચો સાથે મહેન્દ્રસિંહ જગતસિંહ ઉર્ફે જગેસિંહ વાઘેલાના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘરે જતાં ઘરે કોઈ હાજર ન હોઈ, ઘરની જડતી કરતાં ઘરના રૂમમાંથી પ્લાસ્ટીકનુ કેન મળી આવતાં તે ખોલી જોતાં ૩ લીટર જેટલો દેશી દારૂ હોઈ કેનમાંથી ૧૮૦ એમએલ.જેટલો દારૂ શીશીમાં લઈ તે ઉપર પાકુ સીલ કરીતથા ઘરની પાછળના ભાગે આવેલ વાડામાં તપાસ કરતાં જમીનમાંથી પ્લાસ્ટીકના કેરબા નંગ-૩ મળી આવતાં તે ખોલી જોતાં કેરબામાં ૧૦૦ લીટર લેખે તથા એક કેરબામાં ૫૦ લીટર લેખે એમ કુલ ૨૫૦ લીટર જેટલો દેશી દારૂ ગાળવાનો વોશ હોઈ દરેક કેરબામાંથી થોડો થોડો એમ કુલ ૧૮૦ એમએલ. જેટલો વોશ શીશીમાં ભરી લઈ તે ઉપર લાકુ સીલ કરી પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લઈ બાકીનો વોશ તથા દારૂ સ્થળ ઉપર નાશ કરી તે અંગેનું વિગતવારનુ પંચનામુ સાહેદ વદુજી અહેકો.નાએ પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલું અને બનાવ બાબતે ફરીયાદી અપોકો.એ આરોપી વિરૂદ્ધ પ્રોહી એકટની કલમ-૬૫(એ)(એ), ૬૫(એફ) મુજબ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલાને ફરીયાદી તથા સાહેદ વદુજી નાઓ ફરીયાદ પક્ષે સમર્થન આપે છે અને ત.ક.અમલદારના જણાવ્યા મુજબ તા.૨૬-૦૭-૨૦૨૨ નારોજ પી.એસ.ઓ.શ્રીએ દિયોદર પો.સ્ટે. પાર્ટ સી. ગુ.ર.નં.૦૬૦૫/૨૦૨૨ થી પ્રોહી એકટની કલમ-૬૫(એ)(એ), ૬૫(એફ) મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ તેમના તરફ ડેપ્યુટ કરતાં તેઓએ તપાસ સંભાળી લઈ, મુદ્દામાલ સેમ્પલ વૈજ્ઞાનીક પરીક્ષણ અર્થે રવાનગી પત્રક સાથે એફ.એસ.એલ.તરફ મોકલી આપી, તેઓએ લાગતા વળગતા

સાહેદોના નિવેદન લીધેલા, આરોપીને આ ગુનાના કામે અટક કરેલા, તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતાં આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલાને ફરીયાદ પક્ષે ત.ક.અમલદાર નાએ સમર્થન આપે છે. પરંતુ ફરીયાદી, સાહેદ વદુજી તથા ત.ક.અમલદારની હકીકતને પંચ રાજાભાઈ ઉકાભાઈ ભીલ તથા પંચ થાનાભાઈ રૂપાભાઈ રાજપુત નાઓ તેમની જુબાનીથી પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ અને સદર પંચો ફરીયાદ પક્ષે હોસ્ટાઈલ થયેલ હોઈ, સદર પંચોના પુરાવાથી ફરીયાદી, સાહેદ વદુજી તથા ત.ક.અમલદારની હકીકતને સમર્થન આવેલ નથી. જેથી માત્ર પોલીસ સાહેદની જુબાની આધારે તથા પોલીસ સાહેદની જુબાનીમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા આધારે આરોપી સામે આક્ષેપિત ગુનો પુરવાર થયેલો ફરીયાદ પક્ષે માની શકાય તેમ નથી. વધુમાં, બનાવવાળી જગ્યા મકડાલા ગામની સીમમાં આરોપીના કબજા ભોગવટાના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘરમાં તથા ઘરની પાછળના ભાગે જમીનમાં આવેલ હોય, બનાવવાળી જગ્યાની આજુબાજુ બીજા ખેતરો આવેલા હોય અને ખેતરોમાં રહેણાંકના ઘરો આવેલા હોઈ અને રહેણાંક ઘરોમાં લોકો કુટુંબ સાથે રહેતા હોય, બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદ સરળતાથી મળી આવવા છતાં ત.ક. અમલદારે તપાસના કામે સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલા નથી કે સ્વતંત્ર સાહેદના સોગંદ ઉપર પુરાવા ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી. જેથી સ્વતંત્ર સાહેદના પુરાવાથી રજુ થયેલ પોલીસ સાહેદની હકીકતને સમર્થન આવેલ નથી. વધુમાં પંચોની જુબાનીથી ફરીયાદ પક્ષે પંચનામાની હકીકત પુરવાર કરવાની અતિ મહત્વની છે, જે ફરીયાદ પક્ષ રજુ થયેલ પંચોની જુબાનીથી પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી. જેથી ફરીયાદ પક્ષ તટસ્થ એવા પંચોની જુબાનીથી પંચનામુ પુરવાર કરી શકેલ ન હોઈ કહેવાતો મુદ્દામાલ પંચોની હાજરીમાં આરોપીના કબજા ભોગવટામાંથી કબજે થયેલાની હકીકતને ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળેલ નથી. આક્ષેપિત મુદ્દામાલ આરોપીના કબજા ભોગવટામાંથી મળી આવેલાને ફરીયાદ પક્ષે કેસ છે, પરંતુ બનાવવાળી જગ્યા આરોપીના માલિકી કબજા ભોગવટામાં આવેલ હોવા અંગે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાની અંગેના કોઈ આધાર પુરાવા તપાસના કામે કબજે થયેલ નથી કે સોગંદ ઉપર પુરાવામાં માલિકી અંગે આધાર પુરાવા રજુ થઈ ફરીયાદ પક્ષે

પુરવાર થયેલ નથી. જેથી બનાવવાળી જગ્યાએ આરોપીના માલિકી કબજા ભોગવટામાં આવેલાને ફરીયાદ પક્ષે પુરવાર થયેલ ન હોઈ ફરીયાદ પક્ષે આક્ષેપિત મુદ્દામાલ આરોપીના કબજા ભોગવટામાંથી મળી આવેલાને પુરવાર થયેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યાએથી આરોપી હાજર મળી ન આવેલ હોય અને બનાવવાળી જગ્યાએ આરોપીની હાજરી અંગે આરોપીના ઓળખ અંગેના કોઈ આધાર પુરાવા તપાસના કામે કબજે લેવામાં આવેલ નથી કે સોગંદ ઉપર પુરાવામાં ફરીયાદ પક્ષે રજુ થઈ સમર્થન આવેલ નથી. જેથી બનાવવાળી જગ્યાએ આરોપીની હાજરી હોવા અંગે ચોકકસ પુરાવો આવતો નથી અને તે અંગે શંકા જાય છે. વધુમાં આક્ષેપિત મુદ્દામાલ વોશ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે મળી આવેલ છે, પરંતુ ફરીયાદ પક્ષે સદર હકીકતના સમર્થનમાં એફ.એસ.એલ. પરીક્ષણ રીપોર્ટ સોગંદ ઉપર પુરાવામાં રજુ થઈ પુરવાર થયેલ ન હોઈ, આક્ષેપિત મુદ્દામાલ વોશ ગેરકાયદેસર વગર પાસ પરમીટે મળી હોવાનું ફરીયાદ પક્ષે પુરવાર થયેલ હોવાનું પ્રસ્થાપિત થયેલ નથી.

(૧૨) આમ, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, સ્વતંત્ર પંચ સાહેદની જુબાની ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું સદર પંચ સાહેદની હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચ સાહેદની રૂબરૂ પોલીસે આરોપી પાસેથી દેશી દારૂ ગાળવાનો વોશ કબજે કરેલ હોવાનું ફલીત થયેલ નથી. આમ, ફરીયાદ પક્ષનો હાલનો કેસ જે પંચનામા ઉપર આધારીત છે તે પંચનામાના સ્વતંત્ર પંચ સાહેદ સદર પંચનામાની હકીકતોને સમર્થન કે અનુમોદન આપેલ ન હોઈ, સદર પંચ સાહેદની જુબાનીના આધારે સદર પંચનામાની હકીકતો નિઃશંકપણે પુરવાર થયેલ હોવાનું માનવાલાયક જણાતું નથી. આમ, ફરીયાદ મુજબના કહેવાતા બનાવના દિવસે પંચ સાહેદની હાજરીમાં આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી પોલીસે દેશી દારૂ ગાળવાનો વોશ કબજે કરેલ હોવાની ફરીયાદની હકીકતો ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોવાનું જણાઈ આવે છે.

(૧૩) આ સંદર્ભે અત્રેની અદાલત નામદાર બોમ્બે હાઈકોર્ટના ***સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂદ્ધ ઓનકાર મનીક પાટીલ*** ના કેસમાં ***૧૯૭૯ ક્રિમીનલ લો રીપોર્ટર મહારાષ્ટ્ર***

**૪૨૧** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે " જયારે પંચ સાહેદ દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહી. " હાલના કામે મુદ્દામાલ કબજે કરેલ હોવા બાબતનું પંચનામું કરવામાં આવેલ છે, પરંતુ સ્વતંત્ર પંચ સાહેદની સોગંદ ઉપરની જુબાની ઉપરથી ફરીયાદ પક્ષ સદર પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તે સંજોગોમાં હાલના કામે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને રાખતાં, પોલીસ સાહેદના પુરાવાનું કોઈ વિશેષ મુલ્ય રહેતું નથી અને હાલના કેસના ગુણદોષ ઉપર તેની કોઈ અસર પડે તેમ જણાતું નથી. વધુમાં, સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દેશી દારૂ ગાળવાનો વોશ જ હતું તે પુરવાર કરવા સારૂં એફ.એસ.એલ. નો કોઈ રીપોર્ટ પણ ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ નથી. આમ, હાલના કેસમાં ફરીયાદ મુજબનો મુદ્દામાલ આ કામના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોવાની ફરીયાદની હકીકતો ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા આરોપીને ગુના સાથે સાંકળવા પુરતા નથી. જે કાર્યવાહીથી આરોપી પર ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે તે નિઃશંકપણે સાબિત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ સજાનેપાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોઈ આરોપીને સજા થઈ શકે નહી તેમ મારૂં માનવું છે અને તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -// હુકમ //-

(૧) આરોપી- **મહેન્દ્રસિંહ જગતસિંહ ઉર્ફે જગેસિંહ વાઘેલા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ), ૬૫(એફ) મુજબના સજાનેપાત્ર ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) ની જોગવાઈઓ અન્વયે આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી હાલના કામે અપીલ સમય દરમ્યાન તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ દેશી દારૂ તથા દેશી દારૂ ગાળવાનો વોશ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ: ૦૮–૧૧–૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દિયોદર
તારીખ: ૦૮–૧૧–૨૦૨૪

(રાજેન્દ્ર ઘનશ્યામભાઈ બારોટ)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દિયોદર, બનાસકાંઠા.
કોડનં.જીજે.૦૦૫૭૨